### કમ્ફર્ટેબલ અને સ્ટાઈલીશ વિવિધ પ્રકારના

# ઓટ્ટોમન




**ઘરમાં સોફાની સાથે કે બેડરૂમમાં વધારાની બેઠક ઊભી કરવી હોય ત્યારે ઓટ્ટોમન બનાવીને ઘરના ઇન્ટીરીયરને સ્ટાઈલીશ લુક આપી શકાય છે. ઓટ્ટોમન એટલે લાંબી અથવા ગોળ નીચી, નરમ ગાદીવાળી, હાથા અને મોટા ભાગે બેકરેસ્ટ વગરની બેઠક અથવા પગ મૂકી શકાય એવું ફૂટસ્ટુલ. કેટલીક ડિઝાઈન એવી હોય છે કે જેનો સ્ટોરેજ તરીકે ઉપયોગ પણ કરી શકાય છે. આ ઓટ્ટોમન વિવિધ પ્રકારના અને વિવિધ આકારના બનાવી શકાય છે જેથી તેનો તમે તમારી ઈચ્છા પ્રમાણે ઉપયોગ કરી શકો છો. ઓટ્ટોમનનો ઉપયોગ વધારાની બેઠક તરીકે, સ્ટોરેજ તરીકે અને સ્ટાઈલીશ ટેબલ તરીકે પણ કરી શકાય છે. તમારા ઘરના ઇન્ટીરીયર પ્રમાણે અને તમારી જરૂરિયાત પ્રમાણે તમે સ્ટાઈલીશ અને મોડર્ન ઓટ્ટોમન પસંદ કરી શકો છો. તો જોઈએ, દરેક ઘરમાં ઉપયોગી થઇ પડે તેવા અને કેટલાક**

## વેલવેટ ઓટ્ટોમન સ્ટુલ

ઘરને ભવ્ય લુક આપવો હોય તો વેલવેટનું ઓટ્ટોમન સ્ટુલ મૂકી શકાય છે. તેને ઘરના લીવીંગ રૂમ કે બેડરૂમમાં પણ મૂકીને વધારાની બેઠક ઊભી કરી શકાય છે. જાડી ગાદીવાળા આ સ્ટુલની સીટને એમરલ્ડ ગ્રીન, નેવી બ્લૂ, બેજ કે તમારી પસંદના અન્ય કોઈ રંગના વેલવેટના કાપડથી કવર કરીને પ્રભાવશાળી લુક આપી શકાય છે.

## સ્ટોરેજ ઓટ્ટોમન સ્ટુલ

નાનાં ઘરો માટે સ્ટોરેજ ઓટ્ટોમન સ્ટુલ પર્ફેક્ટ રહે છે. તેમાં સ્ટોરેજ અને બેઠક બંને માટે વ્યવસ્થા હોવાથી નાના ઘર માટે તે ઘણું ઉપયોગી સાબિત થાય છે. તેમાં તમે બેડશીટ, બ્લેન્કેટ્સ, તકિયા, રમકડાં, મેગેઝિન્સ વગેરે જેવી વસ્તુઓ સંગ્રહી શકો છો અને તે વધારાની બેઠક પણ ઊભી કરી આપે છે. તેના માટે બેજ, ગ્રે કે બ્રાઉન જેવા ન્યુટ્રલ કલર પસંદ કરી શકો છો જે ઘરના ઈન્ટીરીયર સાથે મેચ થઈ જાય છે.

## રાઉન્ડ પફ ઓટ્ટોમન



આ પ્રકારનું ઓટ્ટોમન સ્ટુલ રૂમને સ્ટાઈલીશ લુક આપે છે. તે સોફ્ટ અને ગોળ આકારના હોય છે જે રૂમને જીવંત બનાવવામાં મદદ કરે છે. તેનો ઉપયોગ ઘણી બધી રીતે કરી શકાય છે જેમ કે, વધારાની બેઠક તરીકે, ફૂટરેસ્ટ તરીકે, સુશોભન તરીકે અને બાળકોને બેસવાની જગ્યા તરીકે. આમ, આ મલ્ટી પર્પઝ સ્ટુલ દેખાવે સુંદર અને મોડર્ન હોય છે અને સોફાની બાજુમાં કે બાલ્કનીમાં પણ મૂકી શકાય છે.

## લેધર ઓટ્ટોમન સ્ટુલ

લેધર ઓટ્ટોમન સ્ટુલ દરેક સમયમાં દરેક ઘરને સુટ કરે છે. તે ઘરને સોફિસ્ટિકેટેડ લુક આપે છે. આ પ્રકારનાં સ્ટુલ મોટા ભાગે ઓફિસ લાઉન્જ, લક્ઝરી એપાર્ટમેન્ટ અને બેચલર રૂમમાં વધારે સારા લાગે છે. ઘરમાં રીલેક્સિંગ કોર્નર બનાવવા માટે લાઉન્જ અને ઓટ્ટોમનનું કોમ્બિનેશન રાખવામાં આવે છે. તે ટકાઉ અને સફાઈ કરવામાં સરળ રહે છે.

## વુડન બેઝ ઓટ્ટોમન

સિમ્પલ અને નેચરલ લુક માટે લાકડાના બેઝવાળું ઓટ્ટોમન સ્ટુલ પસંદ કરી શકાય. લાકડાની ફ્રેમ હોવાથી તે બેસવામાં મજબૂત અને ગાદીવાળા હોવાથી કમ્ફર્ટેબલ રહે છે. ભારતીય શૈલીના લાકડાંના ફર્નિચરવાળાં ઘરોમાં, સ્કેન્ડીનેવિયન ઈન્ટીરીયરમાં અને ગામઠી નેચરલ લુકવાળા ઘરોમાં આ પ્રકારનું સ્ટુલ શોભા વધારે છે.

## મોડર્ન મીનીમલ ઓટ્ટોમન સ્ટુલ સીટ

જેમને ઘરમાં મોડર્ન ફર્નિચર ગમે છે તેમના માટે આ પ્રકારનું સ્ટુલ શ્રેષ્ઠ વિકલ્પ છે. તે કદમાં નાનું અને સિમ્પલ ગોળ આકારનું હોય છે. તેના માટે બેજ, લાઈટ ગ્રે, લાઈટ બ્રાઉન જેવા હળવા રંગોનો ઉપયોગ કરવામાં આવે છે. આ ડિઝાઈનનો ઉપયોગ આધુનિક કલટર ફ્રી હોમ ઈન્ટીરીયર માટે થાય છે.

## બોહો ઓટ્ટોમન સ્ટુલ



બોહો ઓટ્ટોમન સ્ટુલ રંગીન, કલાત્મક અને આકર્ષક હોય છે. આ પ્રકારના સ્ટુલમાં એથનિક પ્રિન્ટ, વોવન ટેક્સચર, ભરતકામ અને ડેકોરેટીવ લટકણીયાં લગાવેલાં હોય છે. રૂમને સુંદર અને કલાત્મક બનાવવા માટે આ પ્રકારના ઓટ્ટોમન સ્ટુલનો ઉપયોગ સારો વિકલ્પ બની રહે છે. તે બોહેમિયન બેડરૂમમાં, બાલ્કનીમાં, બેઠક એરિયા બનાવવામાં અને લિવિંગ રૂમમાં સારી રીતે સુટ કરે છે. તેમને મેક્રેમ ઈન્ટીરીયર, કેન ઈન્ટીરીયર અને ઈન્ડોર પ્લાન્ટ્સ સાથે કોમ્બિનેશન કરીને એક કમ્ફર્ટેબલ માહોલ ઊભો કરી શકાય છે.

## બેંચ સ્ટાઈલ ઓટ્ટોમન



બેંચ સ્ટાઈલ ઓટ્ટોમન લાંબા અને લંબચોરસ આકારના હોય છે. જે એકથી વધારે બેઠકની સુવિધા પ્રદાન કરે છે. તેને રૂમમાં પલંગના છેડે મૂકી શકાય છે, ઘરના મુખ્ય દ્વાર પાસે કે પેસેજમાં કે પછી મોટી બારી પાસે બેઠક તરીકે મૂકી શકાય છે. મોટાં ઘરોમાં આ પ્રકારના ઓટ્ટોમન સ્ટુલ યોગ્ય રહે છે.

## ઓટ્ટોમન એસ્સેન્ટ સ્ટુલ કોમ્બો

આ ઓટ્ટોમન એસ્સેન્ટ સ્ટુલ કોમ્બો એક આરામદાયક રિલેક્સિંગ એરિયા બનાવવા માટે શ્રેષ્ઠ રહે છે. તેમાં એક લાઉન્જ અને સાથે મેચિંગ ઓટ્ટોમન હોય છે. તેનો ઉપયોગ રીડીંગ કોર્નરમાં, હોમ લાઈબ્રેરીમાં, સ્ટડી રૂમમાં અને બેડરૂમ લાઉન્જમાં પણ કરી શકાય છે. આ પ્રકારનું ઓટ્ટોમન એવરગ્રીન ટ્રેન્ડ છે. તે દરેક ઘરને સુટ કરે છે કારણ કે તેનો કલાસિક લુક અને આરામદાયક બેઠક દરેકને પ્રિય બની રહે છે.

## મેટલ ફ્રેમ ઓટ્ટોમન

મોડર્ન લક્ઝરી ઈન્ટીરીયરમાં મેટલ ફ્રેમ ઓટ્ટોમન શ્રેષ્ઠ વિકલ્પ બની રહે છે. મેટલની ફ્રેમ સાથે તેની ઉપર ગાદી રાખવામાં આવે છે જે બેઠક માટે આરામદાયક રહે છે. લક્ઝુરિયસ એપાર્ટમેન્ટ, મોડર્ન કાફે, બુટીક-સ્ટાઈલ ઈન્ટીરીયર અને ભભકાદાર બેડરૂમ માટે મેટલ ફ્રેમ ઓટ્ટોમન ઉપયોગી રહે છે. મેક અપ રૂમ અને ડ્રેસિંગ એરિયા માટે પણ તેનો ઉપયોગ કરી શકાય છે.